પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૫ | ૮ માર્ચ, ૨૦૨૦, રવિવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એસબીઆઈ યશ બેંકની વ્હારે

**એસબીઆઇ યસ બેન્કમાં ૨૪૫૦ કરોડનું રોકાણ કરશે : એસબીઆઇ યસ બેન્કનો ૪૯ ટકા હિસ્સો ખરીદશે, બેન્કને કુલ ૨૦,૦૦૦ કરોડની જરૂર, શેર ધારકોના હિત સાથે સમાધાન નહીં કરવામાં આવે : યસ બેન્ક ખાતાધારકોના નાણાં સુરક્ષિત, ગભરાવાની જરૂર નથી : રજનીશ કુમાર**

મુંબઇ,તા.૭

ખાનગી ક્ષેત્રની યસ બેંક આર્થિક સંકટમાં સપડાતા ખાતાધારકોમાં હાહાકાર મચી ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ યસ બેંક પર એક મહિનાના નિયંત્રણો લાદી દીધા છે તેમજ બેંકમાંથી રોકડ ઉપાડ મર્યાદીત કરી દીધું છે. જો કે આ તમામ ચિંતા વચ્ચે બેંકના ખાતાધારકો માટે રાહતના સમાચાર આવ્યા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને યસ બેંકને ઉગારવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે એસબીઆઈએ એક યોજના બનાવી છે જે અંતર્ગત તે યસ બેંકનો ૪૯ ટકા હિસ્સો ખરીદશે. રજનીશ કુમારે કહ્યું કે હાલ યસ બેંકને ૨૦૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. હાલ તેમાં રૂપિયા ૨૪૫૦ કરોડનું રોકાણ કરવાની એસબીઆઈએ યોજના બનાવી છે. એસબીઆઈના ચેરમેન રજનીશ કુમારે પણ જણાવ્યું છે કે હાલમાં યસ બેંકના ખાતા ધારકોના નાણાં સુરક્ષિત છે અને કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી.

રજનીશ કુમારે એસબીઆઈની રોકાણ યોજનાને વિસ્તારથી જણાવતા કહ્યું કે રોકાણ પ્લાન પર વિચાર કર્યા બાદ અમે ૯મી માર્ચના રોજ ફરીથી રિઝર્વ બેંકની પાસે જઈશું. એસબીઆઈની લીગર ટીમ તેમજ ઈન્વેસ્ટમેન્ટ ટીમે સાથે મળીને ડ્રાફ્ટ યોજના તૈયાર કરી છે. રજનીશ કુમારના મતે ડ્રાફ્ટ




● અનુસંધાન પાન-૭ પર

## રાણા કપૂરની કઠોર પુછપરછ

**યસ બેંકના સ્થાપક ઇડીની ઓફિસમાં નિવેદન નોંધાવવા પહોંચ્યા બાદ પુછપરછ**
**યસ બેંકના મામલામાં તપાસ સંસ્થાઓની કાર્યવાહી તીવ્ર : દસ્તાવેજોમાં ઇડીની ચકાસણી**

નવી દિલ્હી,તા.૭

કટોકટીનો સામનો કરી રહેલી ચર્ચાસ્પદ યશ બેંકના સ્થાપક રામા કપુરના આવાસ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યા બાદ ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. બીજી બાજુ આજે નિવેદન નોંધાવવા માટે રાણા કપૂર ઈડીની ઓફિસમાં પહોંચ્યા હતા. શુક્રવારે સાંજે તેમની ઓફિસ પર અને આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા બાદ તેમની પુછપરછ ચાલી રહી છે. આજે કલાકો સુધી તેમની પુછપરછ ચાલી હતી. ઈડીની કાર્યવાહી વહેલી સવાર સુધી ચાલી હતી. મોડી સાંજે તેમનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. યશ બેંકના મામલામાં તપાસ સંસ્થાઓએ કાર્યવાહી વધુ તીવ્ર કરી દીધી છે.

# ઉદ્ધવ ઠાકરે રામમંદિર માટે રૂ.૧ કરોડ આપશે



**ઉદ્ધવ ઠાકરે ભગવાન રામના શરણે : - હું ભાજપથી અલગ થયો છું હિન્દુત્વથી નહીં, હિન્દુત્વ-ભાજપ અલગ-અલગ : ભગવાન રામનું મંદિર બનાવવાની જવાબદારી આપણી સૌની, મંદિર એવું બનવું જોઇએ કે સમગ્ર દુનિયા જુએ : ઉદ્ધવ ઠાકરે**

અયોધ્યા, તા.૭

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ૧૦૦ દિવસ પછી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આજે અયોધ્યા પહોંચ્યા ત્યારે તેઓએ હિન્દુત્વને લઈને ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. રામ મંદિર માટે એક કરોડ રૂપિયાનું દાન કરીને ઉદ્ધવે સ્પષ્ટતા કરી હતી કે, શિવસેનાની વિચારધારાને લઈને તેઓ પોતાના માર્ગ ઉપર મક્કમ છે. સાથે સાથે ઉદ્ધવે એમ પણ કહ્યું હતું કે, રામલલ્લાનું મંદિર બનાવવાની બાબત અમારા તમામ માટે મોટી જવાબદારી છે. સમગ્ર દુનિયા નિહાળી શકે તે પ્રકારથી ભવ્ય મંદિરનું નિર્માણ થવું જોઈએ. મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકારના

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાના ૩ પોઝિટિવ કેસ સપાટી પર : કાશ્મીરમાં પ્રથમ કેસ

**કોરોનાને રોકવા માટે જુદા જુદા પગલા છતાં પણ કેસની સંખ્યામાં ધીમીગતિએ વધારો : કેટલાક ટેસ્ટના પરિણામો હજુય આવ્યા નથી : સમગ્ર દેશમાં તકેદારી**

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં પણ કોરોના વાયરસના કેસોમાં વધારો થઇ રહ્યો છે. પંજાબના અમૃતસરમાં બે અને જમ્મુ કાશ્મીરમાં એક દર્દી ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ કેસોની સંખ્યા ૩૪ ઉપર પહોંચી ગઈ છે. બીજી બાજુ કેટલાક શંકાસ્પદ લક્ષણ ધરાવતા દર્દીઓની ચકાસણી કરવામાં આવ્યા બાદ તેમના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ પોઝિટિવ આવ્યો છે. આની સાથે જ કેસોની સંખ્યામાં વધારો થયો છે. બીજી બાજુ અમૃતસરમાં પણ બે કેસ પોઝિટિવ આવ્યા છે. આ બંને કેસ પોઝિટિવ આવ્યા બાદ તપાસ ચાલી રહી છે. બંને દર્દીઓ હાલમાં ઈટાલી ગયા હતા. બંને હોંશિયારપુરના નિવાસી છે. જમ્મુ કાશ્મીરમાં કોરોના વાયરસના પ્રથમ કેસને સમર્થન મળી ચુક્યું છે. ખાસ બાબત એ છે કે, પહેલાથી જ ૨૩ અન્ય મામલા જે કોરોના વાયરસની શરૂઆતી તપાસમાં પોઝિટિવ આવ્યા હતા તેમના સેમ્પલ અંતિમ ટેસ્ટ માટે પુણેમાં એનઆઈવીમાં

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે મેલબોર્નમાં ફાઈનલ જંગ

**આઈસીસી મહિલા વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાશે**
**ભારતીય મહિલા ટીમ હોટફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે**

મેલબોર્ન, તા. ૭

આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલ મેચમાં આવતીકાલે ભારતની ટક્કર ઓસ્ટ્રેલિયા સામે થશે. મેલબોર્નના મેદાન પર રમાનારી આ મેચને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૮મી માર્ચના દિવસે ક્રિકેટના આ મહાકુંભની ફાઈનલ મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે ત્યારે મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ઉપસ્થિત રહેશે. આવતીકલે બપોરે બે વાગે આ મેચની શરૂઆત થશે. રસપ્રદ બાબત એ છે કે, ટુર્નામેન્ટની સફર પર નજર કરવામાં આવે તો ભારતે વર્તમાન આઈસીસી વર્લ્ડકપની મેચમાં જ ઓસ્ટ્રેલિયા ઉપર ૧૭ રનો જીત મેળવી હતી જેથી ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે વધુ ઉંચા નૈતિક જુસ્સા સાથે મેદાનમાં ઉતરશે. ભારતીય ટીમે પાંચ મેચ રમી છે જે પૈકી ચારમાં જીત મેળવી છે જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમે પણ પાંચ મેચો પૈકી ચારમાં જીત મેળવી છે.













